ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0




''જોયાંને બધા ભવાડા..?!''

''કેમ..?! શેના ભવાડાની વાત કરો છો..?! તમારે તો બસ ભવાડા ને ભાંજગડ એમાં જ રસ છે..!!''

''... એમ નહીં... કાલ હાથ પછાડીને કહેતા'તા કે અમારી પહેલી યાદી..! હવે હાથ પછાડીને કહો કે અમારા પહેલા દેખાવો..! હોબાળાઓમાંય અમે પહેલાં..! રાજીનામાઓમાંય અમે પહેલાં..!!''

''શું... શું... શું..?! ઉલટાનું જોડાવાની લાઈન લાગી છે લાઈન..! છોડવાની તો વાત જ ભુલી જજો..!!''

''હા એટલે નવા આવે છે ને જૂના જાય છે..!! કોંગ્રેસમાંથી આવેલો નેતા ચૂંટણી સુધી ભાજપમાં પુજાય છે અને ભાજપનો કાર્યકર કે નેતા ચૂંટણીમાં હડસેલાય છે... ખરૂને..?!''

''ખરૂ-ખોટુ કાંઈ નહીં એ તો તમારે ત્યાં કોઈ આવતુ નથી... જોડાતુ નથી..!! એટલે તમને ઈર્ષ્યા છે..! જ્યાં ભીડ હોય ત્યાં ભાંજગડ હોય જ..!! અને ભવાડા તો તમારા ત્યાંય ઓછા છે..?!''

''ના-ના... તમારા જેટલા નહીં..!! અમારા ૩૦-૩૫ ટકા તો તમારા ત્યાં છે..! બાકી બચ્યા તે સાંકડે-માંકડે એકમેકને સહન કરી લે છે..! અને ઘર હોય તો વાસણ ખખડે જ ને..?! અને હા એ તો દરેક પાર્ટીમાં આવું જ રહેવાનું..! પણ આ તો તમે હોંશિયારી મારતા'તા એટલે તમને કહું છું..!!''

''સાચુ કહું..?! અમારો સૌથી મોટો રાજકીય પક્ષ અને એમાં પાછા તમારા પક્ષમાંથી બધા જોડાયા કરે એટલે ભીડ અમારા ત્યાં વધારે થાય..! એટલે કોઈને ધક્કો વાગે-કોઈને મુક્કો વાગે એટલે તમને હોબાળો કે બુમાબુમ લાગે... પણ અમારા જેટલી અને અમારા જેવી શિસ્ત તમારા ત્યાં નથી, નથી ને નથી જ..!!''

''રહેવા દ્યો..! ઝેરના પારખાં ના હોય..! હજી તો બીજી યાદી અને ત્રીજી યાદી આવવા દો..! પછી જોજો ધડાકા..!! પછી તમારે જે કહેવું હોય તે કહેજો... હું શાંતિથી સાંભળીશ..!!''

''તમે હજુ ગણિત જ સમજતાં નથી..! જ્યાં જીત નિશ્ચિત હોય ત્યાં ભીડ હોય... ત્યાં અપેક્ષા હોય... અને હુંસાતુંસી હોય..!! જ્યાં જીત નિશ્ચિત ના હોય ત્યાં અંધારા કુવામાં ભુસકો મારવા કોણ તૈયાર થાય..?!''

'ઠીક છે આ તો બધી તમારી કલ્પનાઓ છે... પણ મને તો હવે એવું લાગે છે કે તમારી પાર્ટી રેલવે સ્ટેશન જેવી થઈ ગઈ છે... કેટલાંક લોકો ટ્રેનમાં ચડે છે ને કેટલાંક ઉતરે છે..!! અને તમનેય એમ છે કે જેટલા વધારે ભરાય એટલા ભરી દઈએ ડબ્બામાં..!! પણ આ બધું ભારે પડશે હોં..!''

''જો ભાઈ..! તમે દેશના સૌથી જુના રાજકીય પક્ષ તરીકે સ્થાન ભોગવો છો... ચૂંટણીઓ જીતવાના વિક્રમો પણ હજી તમારા નામે છે..! તમારા ત્યાંય કેટલી અવર જવર રહી..! કેટલીય વાર તુટ્યા ને કેટલીય વાર ઉભા થયા..! ગણિત તો માંડો..!!''

''કોઈ ગણિત-બણિતની વાત જવા દો... આપણે રીત નથી જોઈતી... આપણે તો જવાબ જોઈએ છે..! આ જોડવાની અને તોડવાની રીત જેની જે હોય તે..! પણ જવાબ આવવો જોઈએ... ગુજરાતનો વિકાસ-ગુજરાતનું કલ્યાણ..!!''

- નિમિત્ત માત્ર

# ભાજપમાં ભારે આક્રોશ : જેઠાભાઈ સોલંકીનું રાજીનામુ

**આઈ.કે. જાડેજાને ટિકિટ ન ફળવાતા મોટી સંખ્યામાં સમર્થકો કમલમ્ પહોંચ્યા : સંસદીય સચિવ જેઠાભાઈ સોલંકીએ સરકારના અને ભાજપના તમામ હોદ્દા પરથી રાજીનામુ આપ્યુ : ભોળાભાઈ ગોહિલ નારાજ : પાદરા અને ડાંગમાં સંગઠનના હોદ્દેદારોના રાજીનામા**



ગાંધીનગર,તા.૧૮

ભાજપ દ્વારા જાહેર કરવામાં આવેલી ઉમેદવારોની યાદીને લઈ ઠેર-ઠેર અસંતોષ ભભૂકી ઊઠયો છે. દસ્કોઈ વિધાનસભા બેઠક માટે બાબુ જમના પટેલનું નામ જાહેર થતાં જ વિરોધ ઉગ્ર બન્યો છે. કાર્યકરોમાં નારાજગીનું મોજું ફરી વળ્યું છે. બાબુ જમનાનું નામ જાહેર થતાં જ ભડકો થતાં જિલ્લાપંચાયતના ભાજપના ત્રણ સભ્યો રાજીનામા આપશે તેવી જાહેરાત કરાઈ છે. તો શનિવારે કોડિનાર બેઠક ઉપરથી ટિકિટ ન મળવાની શક્યતાઓથી જેઠા સોલંકીએ પણ વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરને પોતાનું રાજીનામું સુપરત કર્યા બાદ મિડિયા સમક્ષ પાર્ટી વિરુદ્ધ આક્રોશ ઠાલવ્યો હતો અને જણાવ્યું હતું કે મને પાર્ટીએ રોકવાનો પ્રયાસ કર્યો. આનંદીબેનની સરકારે દલિતો માટે સારું કામ કર્યુ તેથી તેમણે પદ ગુમાવવાનો વારો આવ્યો તેવો પણ તેમણે આરોપ લગાવ્યો હતો. વધુમાં તેમણે સ્પષ્ટતા કરી હતી કે હું કોંગ્રેસમાં નહીં જોડાઉ અને મારા પરિવાર સાથે જ સમય વિતાવીશ પરંતુ આનું પરિણામ ભાજપાએ ભોગવવું પડશે.

જેઠા સોલંકી સંસદીય સચિવ હતા. તો બીજી તરફ જે બેઠક ઉપર અત્યારે સંભવીત ઉમેદવારોના નામ હોય તેવી બેઠકો પર સ્થાનિક કાર્યકર્તાઓ રોષે ભરાયા છે અને પોતાના પસંદગીના નેતાઓને ટિકિટ આપવામાં આવે તેવી માંગી પણ કરવામાં આવી રહી છે. જ્યારે જે બેઠક ઉપર નામ જાહેર થયા છે તેવી કેટલીક બેઠકો ઉપર પોતાના પસંદગીના નેતાનું નામ ન હોવાથી પણ કાર્યકરોમાં રોષ ફેલાયો છે. અને આવી બેઠક ઉપર ઉમેદવારોના નામ બદલવાની પણ માંગણી કરાઈ રહી છે.

તાજેતરમાં કોંગ્રેસનો છેડો ફાડીને ભાજપમાં આવેલા જસદણના ભોળાભાઈ ગોહિલ ટિકિટ ન મળવાના કારણે નારાજ

● અનુસંધાન પાન-૩ પર

# પાસ કન્વીનર અમરીષ અને કેતન પટેલ ભાજપમાં સામેલ

**હાર્દિક પટેલ અને પાસને મોટો ફટકો પડ્યો : પાસના મહિલા અગ્રણી શ્વેતાબહેન પટેલ પણ ભાજપમાં જોડાયા : હાર્દિક મુખ્ય મુદ્દાથી ભટકી ગયો હોવાનો આક્ષેપ**

અમદાવાદ,તા.૧૮

પાસના કન્વીનર અને રાજદ્રોહના કેસમાં જેમનું નામ ખૂબ ચગ્યુ હતું તે અમરીષ પટેલ અને કેતન પટેલ આજે વિધિવત્ રીતે ભારતીય જનતા પક્ષ(ભાજપ)માં જોડાઈ ગયા હતા. આ બંને આગેવાનો સાથે પાસના મહિલા અગ્રણી શ્વેતાબહેન પટેલ પણ ભાજપમાં જોડાયા હતા. કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયાએ પાસના ત્રણેય અગ્રણીઓને ભાજપનો ભગવો ખેસ પહેરાવી તેમનું ભાજપમાં સ્વાગત કર્યુ હતુ અને તેમને ઉમળકાભેર આવકાર આપ્યો હતો.

ભાજપમાં જોડાયા બાદ અમરીષભાઈ પટેલે જણાવ્યું હતું કે, અનામત આંદોલનની શરૂઆતથી પાસમાં જોડાયેલો હતો. અમે લોકોએ અનામત માટે આંદોલન કર્યુ હતુ પરંતુ અત્યારે હાર્દિકની આગેવાનીમાં આંદોલનને દિશા બદલી છે. હાર્દિક મૂળ અને મુખ્ય મુદ્દાથી ભટકી ગયો છે. કોંગ્રેસને હવે ચૂંટણી સમયે પાટીદારો યાદ આવ્યા છે. ભાજપ સરકારે અમારી પાસેની બધી જ માંગણીઓ સ્વીકારી લીધી છે ત્યારે હવે આંદોલન ચાલુ રાખવાનો કોઈ મતલબ રહેતો નથી. આ પ્રસંગે શ્વેતાબહેન પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતના વિકાસ સાથે ચેડા ના થવા જોઈએ. સરદાર સાહેબ પાટીદારોના અને ગુજરાતના આદર્શ છે. ગુજરાતની દિકરી તરીકે હું ગુજરાતને તૂટતા ના જોઈ શકું. એકરૂપ-સમરૂપ ગુજરાત મારી કલ્પના છે. પાસ અત્યારે તેના મુખ્ય મુદ્દાથી ભટકી ગઈ છે. અમારા આંદોલનમાં કોઈ પાર્ટીને જીતાડવા કે હરાવવાનો મુદ્દો જ ન હતો. માત્ર અનામત મુદ્દે લડતા હતા. હવે કોંગ્રેસને જીતાડવાની વાતો થાય છે, તે અમે સાંખી નહી લઈએ. કેતન પટેલ ભાજપમાં સામેલ થતા હાર્દિક પટેલને મોટો ફટકો પડ્યો છે. કોંગ્રેસ પાર્ટીને પણ મોટો ફટકો પડ્યો છે.

# મુખ્યમંત્રી વિજય રૂપાણી વિજય મૂર્હુતમાં ઉમેદવારી પત્ર ભરશે

**ચૂંટણી પ્રભારી અરૂણ જેટલી ૨૦મીએ હાજર હશે**

અમદાવાદ,તા.૧૮

રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી રાજકોટ પશ્ચિમની બેઠક માટે તા.૨૦મી નવેમ્બરે વિજયી મૂર્હુતમાં પોતાનું ઉમેદવારીપત્ર ભરવા જવાના છે. આ પ્રસંગે કેન્દ્રીય નાણાંમંત્રી અરૂણ જેટલી સહિતના ભાજપના નેતાઓ, આગેવાનો સહિતના મહાનુભાવો પણ તેમની સાથે ખાસ ઉપસ્થિત રહેશે. આ દિવસે સાંજે અરૂણ જેટલી અમદાવાદમાં કર્ણાવતી કલબના ગોલ્ડન ગ્લોરી હોલ ખાતે બુધ્ધિજીવીઓ સાથે ખાસ બેઠક યોજી સંવાદ કરશે. આ અંગે ભાજપના પ્રદેશ પ્રવકતા ડો. જગદીશ ભાવસારે જણાવ્યું હતું કે, ભાજપના રાષ્ટ્રીય નેતા, ગુજરાતના ચૂંટણી પ્રભારી અને કેન્દ્રીય નાણાંમંત્રી અરૂણ જેટલી તા. ૨૦મી નવેમ્બરે સોમવારના રોજ દિલ્હીથી રાજકોટ આવી રહ્યા છે, જયાં તેઓ રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી રાજકોટ પશ્ચિમની બેઠક માટે ઉમેદવારીપત્ર ભરવા જવાના છે ત્યારે તેમની સાથે ખાસ હાજર રહેશે. બપોરે અરૂણ જેટલી અમદાવાદ આવશે અને બપોરે ત્રણ વાગ્યે પ્રચાર પ્રસાર સમિતિ, સંકલ્પપત્ર સમિતિ સાથે બેઠક યોજશે અને તેમને માર્ગદર્શન આપશે.

ઉલ્લેખનીય છે કે, તા.૨૦મીએ સોમવારે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી પોતાનું ઉમેદવારીપત્ર ભરવા જવાના હોઈ પોલીસ દ્વારા સુરક્ષા અને સલામતીનો ચુસ્ત બંદોબસ્ત તૈનાત કરવાની વ્યવસ્થા કરી છે. મુખ્યમંત્રી સદ્‌ગુરૂ રણછોડદાસજી આશ્રમ, બાપ્સ સ્વામિનારાયણ મંદિર, બાલાજી હનુમાન મંદિર, માંડવી જૈન દેરાસર, પંચનાથ મહાદેવ મંદિર સહિતના ધાર્મિક સ્થાનોએ દર્શન કરી બહુમાળી ભવન (રેસકોર્સ પાસે) પહોંચશે અને કેન્દ્રીય નાણાંમંત્રી અરૂણ જેટલી સહિત પક્ષના આગેવાનો-મહાનુભાવોની હાજરીમાં પોતાનું ઉમેદવારીપત્ર ભરશે.




હાર્દિકનો હુંકાર - ગાંધીનગર જીલ્લાના માણસા ખાતે મોડી સાંજે પાસના કન્વીનર હાર્દિક પટેલની જાહેર સભામાં આસપાસના પાટીદારો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા... હાર્દિક પટેલે ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરી પાટીદારોની એકતા માટે અપીલ કરી હતી... આગામી ચૂંટણીમાં ભાજપના ઉમેદવારોને કારમો પરાજય આપવા સૌ સમાજ એક બને, નેક બને.... ભાજપ દ્વારા અપનાવાતા ષડયંત્રોનો પર્દાફાશ કરતા જણાવ્યું હતું કે, ચૂંટણી સમયે નાના મોટા દશ્યોથી અંજાઈ ના જતા... માત્ર ને માત્ર પાટીદાર એકતાને લક્ષ્ય બનાવી મતદાન કરવા અપીલ કરી હતી....

# આજે બેલીફની પરીક્ષા ૨૫ હજાર ઉમેદવારો બેસશે

ગાંધીનગર તા ૧૮

સરકારમાં નવી ભરતી માટે તબક્કાવાર વિવિધ સંવર્ગને ધ્યાને રાખી સ્પર્ધાત્મક પરીક્ષા લેવામાં આવે છે. જેને અનુલક્ષી હાલ નગરમાં સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગો પણ મોટી સંખ્યામાં ધમધમી રહયા છે. નોકરીની ઉમ્મીદ સાથે બેરોજગાર યુવાનો પરીક્ષાની તૈયારીમાં લાગી ગયા છે. કોર્ટ દ્વારા આજે બેલીફની પરીક્ષાનુ આયોજન કરવામાં આવ્યુ છે. બેલીફની પરીક્ષા માટે પણ જિલ્લા શિક્ષણતંત્ર દ્વારા જરૂરી આયોજન કરી દેવાયુ છે. જિલ્લાના ૮૫ બિલ્ડીંગોમાં બેઠક વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. જયારે ૨૫ હજારથી વધુ ઉમેદવારો આ પરીક્ષામાં હાજરી આપશે.

રાજયના વિવિધ સરાકારી વિભાગોમાં ભરતી કરવા માટે તબક્કાવાર પરીક્ષાનુ આયોજન કરવામાં આવે છે. સરકારી ભરતીને અનુલક્ષી બેરોજગાર યુવાનોમાં પણ રોજગારીની આશ બંધાઈ છે. ત્યારે પાટનગરમાં પણ વિશેષ કરીને સ્પર્ધાત્ક પરીક્ષાઓના વર્ગો ધમધમી રહયા છે. આ વર્ગોમાં રાજયના વિવિધ વિસ્તારમાંથી આવતા યુવાનો પરીક્ષાની તૈયારી માટે જોડાય છે. ગાંધીનગરમાં સેકટરે સેકટરે સ્પર્ધાત્ક પરીક્ષાના વર્ગો ચાલી રહયા છે. ત્યારે શાળા કોલેજોએ જતા વિદ્યાર્થીઓ ઉપરાંત સ્પર્ધાત્ક પરીક્ષાના વિદ્યાર્થીઓની પણ વિશેષ સંખ્યા જોવા મળી રહી છે. આજે કોર્ટ દ્વારા લેવાનારી બેલીફની પરીક્ષાને અનુલક્ષીને પણ જિલ્લામાંથી ૨૫ હજારથી વધુ ઉમેદવારો નોંધાયા છે. વર્ષ ૨૦૧૭ની આ આખરી કસોટી માટે તંત્ર દ્વારા જરૂરી તૈયારીઓ કરી દેવાઈ છે. ગાંધીનગર જિલ્લામાં ઉમેદવારોની પરીક્ષાને ધ્યાને લઈ શાળા કોલેજોના વિવિધ ૮૫ બિલ્ડીંગોમાં બેઠક વ્યવસ્થા કરવામાં આવી છે. ઉમેદવારો શાંતિપુર્ણ માહોલમાં પારદર્શક પ્રક્રીયાથી પરીક્ષા આપી શકે તેવુ આયોજન કરવામાં આવ્યુ છે. વર્ષની આખરી પરીક્ષાના અંતે હવે ચુંટણી બાદ વર્ષ ૨૦૧૮ માં અન્ય વિભાગોની સ્પર્ધાત્મક પરીક્ષા યોજાશે. નવી ભરતીઓને અનુલક્ષી મોટી સંખ્યામાં ઉમેદવારો તૈયારી કરવા માટે ગાંધીનગર આવે છે.

# કાયદો-વ્યવસ્થાની જાળવણીમાં ગુજરાત પ્રથમ

**નામાંકિત સર્વે એજન્સી ઇન્ડિયાટૂડે - નેલ્શનના સર્વેક્ષણનું તારણ : ગૃહ વિભાગને રાજ્યના મુખ્ય સચિવ શ્રી ડો. જે.એન.સિંઘ અભિનંદન પાઠવ્યા**

ગાંધીનગર, તા.૧૮

કાયદો અને વ્યવસ્થાની જાળવણીમાં ગુજરાત સમગ્ર રાષ્ટ્રના અન્ય રાજ્યો કરતાં અગ્રેસર છે. કરાઈ હતી. રાજયના મુખ્ય સચિવ શ્રી ડૉ.જે.એન.સિંઘે આ સિદ્ધિ બદલ ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એમ.એસ.ડાગુર અને




ઈન્ડિયા ટૂડે - નેલ્શનના તાજેતરના સર્વેક્ષણમાં ગુજરાત કાયદો અને વ્યવસ્થાની જાળવણીમાં સૌ પ્રથમ છે. ગુરૂવારે નવી દિલ્હીમાં યોજાયેલા એક સમારોહમાં ગુજરાત રાજ્યને આ માટેની ટ્રોફી એનાયત ગૃહ સચિવ શ્રી મનોજ અગ્રવાલને અભિનંદ પાઠવ્યા હતા.

કાયદો અને વ્યવસ્થાની જાળવણી સરકાર માટે ટોચ અગ્રતા ધરાવતો મુદ્દો છે. કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિમાં ગુજરાતને સૌથી શાંત અને સુશાસનબદ્ધ રાજય હોવાનો દરજજો મળેલ છે. દેશની નામાંકિત એજન્સી ઈન્ડિયા ટુડે-નેલ્સન દ્વારા દર વર્ષે દેશના તમામ રાજયોને અલગ અલગ માપદંડોથી મુલવીને દરેક બાબતમાં રાજયોને સારી કામગીરી પ્રમાણે ક્રમાંક આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૬-૧૭ના વર્ષ માટે થયેલ આ મૂલ્યાંકનમાં કાયદો વ્યવસ્થામાં ગુજરાત રાજ્ય તમામ રાજ્યો કરતા ચડીયાતું સાબિત થયું છે.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com